# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-10-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1) રાજ્યમાં વરસાદથી થયેલા પાકના નુકસાનનો સરવે કરાશે – રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં નિર્ણય લેવાયો
2) ગુજરાત સમૂદ્રી બૉર્ડ અને પીપાવાવ બંદર લિમિટેડ વચ્ચે 17 હજાર કરોડ રૂપિયાની સમજૂતી કરાર - 25 હજાર રોજગારીનું સર્જન થશે.
3) ગુજરાત વહીવટી સુધારણા પંચે 12 જેટલી મુખ્ય ભલામણ સાથેનો પાંચમો અહેવાલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સોંપ્યો
4) સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં આવતીકાલે અતિભારે વરસાદની આગાહી
5) ICC મહિલા ક્રિકેટ વિશ્વકપની પહેલી સેમિ-ફાઈનલ મેચમાં દક્ષિણ આફ્રિકાએ ઇંગ્લેન્ડને જીતવા 320 રનનો લક્ષ્યાંક આપ્યો

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CABINET MEETING

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રાજ્ય પ્રવાસ , રાજ્યમાં વરસાદથી થયેલા નુકસાનના સરવે સહિતના મુદ્દા પર ચર્ચા થઈ. આ અંગે માહિતી આપતા કૃષિમંત્રી જીતુ વાઘાણીએ કહ્યું , રાજ્યમાં જ્યાં વરસાદ અને નુકસાન થયું છે ત્યાં સરકાર મોજણી એટલે કે , સરવે કરશે. સાત દિવસમાં આ સરવે પૂર્ણ કરવા મુખ્યમંત્રીએ આદેશ આપ્યો છે.

(બાઈટઃ જીતુ વાઘાણી, કૃષિમંત્રી)

. . . .

# CM PATEL MoU

ગાંધીનગરમાં આજે ગુજરાત સમૂદ્રી બૉર્ડ અને ગુજરાત પીપાવાવ બંદર લિમિટેડ – APM ટર્મિનલ્સ વચ્ચે 17 હજાર કરોડ રૂપિયાના મૂડીરોકાણના સમજૂતી કરાર – MoU થયા. આ પ્રસંગે ઉપસ્થિત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ કરારથી પીપાવાવ બંદરના વિસ્તરણના કારણે ગુજરાતની ભારતના સમૂદ્રી પ્રવેશદ્વાર તરીકેની પ્રસ્થાપિત થયેલી ઓળખ વધુ સુદ્રઢ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

તેમણે કહ્યું, આ કરારથી પીપાવાવ બંદરની વર્તમાન કન્ટેનર , જથ્થાબંધ, છૂટક તથા જહાજી માલસામાનનું વહન કરવાની ક્ષમતામાં વધારો થશે. તેમજ આ પ્રોજેક્ટથી 25 હજાર જેટલી નવી રોજગારીની તકનું પણ સર્જન થશે. તેના કારણે સ્થાનિક અર્થતંત્રને નવી ગતિ મળશે અને ગ્રામ્ય વિસ્તારમાં જીવનસ્તરમાં પણ સુધારો આવશે. આ કરારનો ઉદ્દેશ પીપાવાવ બંદરના ક્ષમતા વિસ્તરણથી રાજ્યમાં અદ્યતન વિકાસ દ્વારા ગુજરાતના દરિયાઈ ક્ષેત્રને વધુ સુદ્રઢ કરવાનો હોવાનું પણ શ્રી પટેલે ઉંમેર્યું.

. . . . . . . . . . . . .

# DIGITAL GOOD GOVERNANCE

રાજ્યમાં ગુજરાત વહીવટી સુધારણા પંચ – GARC-એ પાંચમો અહેવાલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સોંપ્યો છે. તેમાં પંચે "નાગરિક દેવો ભવઃ"ના અભિગમને રાજ્યમાં ડિજિટલ સુશાસનથી સાકાર કરવા 12 જેટલી મુખ્ય ભલામણ કરી છે.

પંચે અહેવાલમાં 'એક રાજ્ય - એક પૉર્ટલ'ના સંકલ્પ સાથે "સરકાર નાગરિકોના ઘરઆંગણે" "ગવર્મેન્ટ ઍટ ધ ડૉર સ્ટૅપ ઑફ ધી સિટીઝન"નો મંત્ર ચરિતાર્થ કરવા ભલામણ કરી છે. સાથે જ ડિજિટલ ગુજરાત 2.0 પૉર્ટલ વિકસાવીને તેને ફરી સક્રિય કરવાથી સક્રીય સુશાસનથી નાગરિક કેન્દ્રીત સેવા વિતરણ અમલ કરવા ભલામણ કરવામાં આવી છે. તેનાથી રાજ્ય સરકારની સેવાઓ માટે વારંવાર માહિતી આપવામાંથી છૂટકારો એટલે કે, 'એકવાર માહિતી આપો - વારંવાર લાભ મેળવો'નો ધ્યેય સાકાર થશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . .

# EKTANAGAR NEW E BUS

નર્મદાના એકતાનગર ખાતે પ્રવાસીઓની સુવિધા માટે નવી 25 ઇલેક્ટ્રિક-બસ દોડાવાશે. સ્ટેચ્યૂ ઑફ યુનિટીને નિહાળવા આવતા દેશ-વિદેશના પ્રવાસીઓની સુવિધા માટેની આ બસનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ કરાશે. આ સાથે એકતાનગરમાં દોડતી ઇલેક્ટ્રિક બસની સંખ્યા 55 થશે. આ બસમાં પ્રવાસીઓ નિઃશુલ્ક મુસાફરી કરી શકશે.

ઉલ્લેખનીય છે કે , નવી ઉમેરાયેલી ઇલેક્ટ્રિક બસ નવ મીટર લાંબી મિની એસી બસ છે, જે એક વખત ચાર્જ કર્યા પછી 180 કિલોમીટર સુધી દોડી શકે છે.

. . . . . . . .

# SABARKANTHA CRIME

સાબરકાંઠા જિલ્લામાં થયેલા સામૂહિક દુષ્કર્મ મામલે આરોપીઓ વિરુદ્ધ પ્રાથમિક માહિતી અહેવાલ FIR દાખલ કરવામાં આવી છે અને ત્રણેય આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જે અંગે જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક એ.કે. પટેલે વધુ માહિતી આપી હતી.

(બાઇટ – એ.કે. પટેલ)

. . .

# SURAT AKASHVANI

માહિતી અને પ્રસારણ મંત્રાલયના ઉપ-સચિવ શક્તિ સિંહે આજે આકાશવાણી સુરત કાર્યાલયની મુલાકાત લીધી. દરમિયાન તેમણે વિશેષ સ્વચ્છતા અભિયાનના પાંચમા તબક્કા હેઠળ આકાશવાણી સુરત કેન્દ્ર દ્વારા નિર્ધારિત કરાયેલા લક્ષ્ય અને તેમને પ્રાપ્ત કરવા કરાયેલા કાર્યની માહિતી મેળવી. આ પ્રસંગે આકાશવાણી સુરતના શ્રોતાઓને સંદેશ આપતા શ્રી સિંહે કહ્યું , સુરતે સતત સ્વચ્છતા ક્ષેત્રે આજે જે પણ નામના મેળવી છે તેનો શ્રેય શહેર વહીવટી તંત્ર સાથે તમામ નાગરિકોનાં સહયોગ, સમર્પણ અને શિસ્તનું પરિણામ છે.

ઉલ્લેખનીય છે કે , સરકારી કચેરીઓમાં સ્વચ્છતાના સંસ્થાગત બનાવવા , જૂના દસ્તાવેજ અને પડતર બાબતોના નિરાકરણ , પ્રક્રિયાઓનાં સરળીકરણ તથા વધુ કાર્યદક્ષતાથી સેવાઓ પ્રદાન કરવાનાં હેતુથી વિશેષ અભિયાન 5.0 ચાલી રહ્યું છે.

. . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

................

# WEATHER FORECAST

હવામાન ખાતાએ આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. ત્યારે આવતીકાલે પોરબંદર , જુનાગઢ, ગીરસોમનાથ, દીવ, અમરેલી અને ભાવનગરમાં છૂટાછવાયા સ્થળ પર અતિભારે વરસાદ થઈ શકે છે.

તો, દેવભૂમિદ્વારકા, રાજકોટ, બોટાદ, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલી , પંચમહાલ તથા દાહોદમાં છૂટાછવાયા સ્થળે ભારે વરસાદની આગાહી. આગામી પાંચ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)

. . . . .

# RAIN

રાજ્યમાં વરસાદનું જોર ઘટતાં આજે સાંજે છ વાગ્યા સુધીમાં 24 તાલુકામાં વરસાદનાં અહેવાલ છે. સૌથી વધુ સવા એક ઈંચ જેટલો વરસાદ બનાસકાંઠાનાં અમીરગઢમાં નોંધાયો.

બનાસકાંઠા અને વાવ થરાદ જિલ્લામાં ગત 24 કલાકમાં ડીસા અને દિયોદરમાં બે ઇંચ , જ્યારે અમીરગઢ, સુઈગામ, દાંતીવાડામાં એક ઇંચથી વધુ કમોસમી વરસાદ વરસ્યો. વાદળછાયા વાતાવરણ અને ઝરમર વરસાદથી કપાસ , મગફળી સહિતના પાકને નુકસાનની સંભાવનાને લઈ ખેડૂતો ચિંતામાં મૂકાયા છે.

ભરૂચમાં વરસાદના કારણે ખાંડના કારખાનામાં પીલાણ કાર્યને અસર થઈ છે. ખેતરો ભીના હોવાથી શેરડી કારખાના સુધી પહોંચી ન શકતા પંડવાઈ કારખાનાનું સાડા પાંચ લાખ ટન જેટલી શેરડીના પીલાણનું કામ અટવાયું છે.

. . . . . . . . . .

# AKASHVANI SPORTS

આકાશવાણી અમદાવાદના પરિસરમાં આજે “સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત”ની વિષયવસ્તુ પર આધારિત “ફિટ ઇન્ડિયા ફ્રિડમ રન 6.0 ” કાર્યક્રમ યોજાયો. તે અંતર્ગત કોથળા દોડ , લીંબુ ચમચી અને રસ્સા ખેંચ જેવી રમત યોજાઈ , જેમાં આકાશવાણી અમદાવાદ કાર્યાલયના વડા એન. એલ. ચૌહાણ , આકાશવાણી અમદાવાદ સમાચાર વિભાગના વડા ડૉક્ટર ચિરાગ ભોરણિયા અને આકાશવાણીના કાર્યક્રમ વિભાગના વડા ત્રિલોક સંઘાણી સહિતના અધિકારીઓ તથા 50 જેટલા કર્મચારીઓએ ભાગ લીધો. કાર્યક્રમના અંતે વિજેતા ખેલાડીઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

. . . .

# AKASHVANI FIRE AWARENESS

આકાશવાણી અમદાવાદના પરિસરમાં અગ્નિ સુરક્ષા પ્રદર્શન કાર્યક્રમ યોજાયો. દરમિયાન અમદાવાદના અગ્નિશમન દળના જવાનોએ આકાશવાણીના કર્મચારીઓને આગ લાગે તેવી સ્થિતિમાં શું કરવું અને આગને કઈ રીતે કાબૂમાં લેવી, તે વખતે કેવા પ્રકારની સાવચેતી રાખવી સહિતની બાબતનું માર્ગદર્શન આપ્યું. જવાનોએ આગ હોલવવાના સાધનનો કઈ રીતે ઉપયોગ કરવો તેની પણ તાલીમ આપી હતી.

સ્વચ્છતા અભિયાનના પાંચમા તબક્કા હેઠળ અમદાવાદ અગ્નિશમન કચેરીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં પ્રાદેશિક સમાચાર વિભાગ , પ્રાયમરી ચૅનલ અને વેચાણ કેન્દ્રના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો.

. . . . . . . .

# ICC WOMEN SEMI FINAL

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ – ICC મહિલા ક્રિકેટ વિશ્વ-કપ 2025ની પહેલી સેમિ-ફાઈનલ મેચ આજે ઇંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઈ રહી છે. આસામમાં ગુવાહાટીના બરસાપારા ક્રિકેટ સ્ટેડિયમમાં રમાતી મેચમાં ઇંગ્લેન્ડે ટૉસ જીતીને પહેલા બૉલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. આ સાથે જ દક્ષિણ આફ્રિકાએ સાત વિકેટ ગુમાવી ઇંગ્લેન્ડને જીતવા 320 રનનો લક્ષ્યાંક આપ્યો છે.

દક્ષિણ આફ્રિકા તરફથી સૌથી વધુ 169 રન લૌરા વોલ્વાર્ડે બનાવ્યાં છે. જ્યારે તઝમીન બ્રિટ્સે 45 અને મેરિઝાન કેપે 42 કર્યાં છે. જ્યારે ઇંગ્લેન્ડ તરફથી સોફી એક્લેસ્ટોને સૌથી વધુ ચાર વિકેટ , લૉરેન બેલે બે અને નેટ સાયવર-બ્રન્ટે એક વિકેટ લીધી છે.

. . . . . . . . .